Gujarati (P)

(8) 3155

(T1)

३१५५ गुजराती

# रण नाद.

## (१) અંજલિ.

અંજલિ ખાલી ખાલી ભગવાન
અંજલિ શું રે ધરૂં ભગવાન !

ઘેર ઘેર રોતાં પડયાં નરનાર
લાખ લાખ ભૂખે મરે કીરતાર
ધાન ના પામે કંઇ ભગવાન !—

અંજલિ શું રે ધરૂં ભગવાન !
માનવી રૂવે પડયો ઘરથાર,
પંખિયાં માળે રૂવે કીરતાર.
જીવતર ભારે થયાં ભગવાન !
અંજલિ શું રે ધરૂં ભગવાન !—

વાડીએ ઉભાં રડે ફુલઝાડ
જળચર રૂવે પડયાં કીરતાર
જીવતર લાગે ભૂંડું ભગવાન
અંજલિ શું રે ધરૂં ભગવાન !—

અંજલિ ખાલી ખાલી ભગવાન !
અંજલિ શું રે ધરૂં ભગવાન !

## (૨) રાગ કાલિંગડી—દીપચંદી

નહિરે વિસારૂં હરિ, અંતરમાંથી નહિ રે૦

જલ જમુનાનાં પાણીરે જાતાં શિરપર મટકી ધરી ૧
આવતાં ને જાતાં મારગ વચ્ચે અમુલખ વસ્તુ જડી ૨
આવતાં ને જાતાં વૃન્દા રે વનમાં ચરણ તમારે પડી ૩
પીળાં પીતાંબર જરકશી જામા કેસર આડ કરી ૪
મોર મુગટ ને કાને રે કુંડળ મુખપર મોરલી ધરી ૫
**બાઇમીરા** કહે પ્રભુ ગીરધરના ગુણ વિઠ્ઠલવરને વરી ૬

---

## (૩) ભજનની ધુન

૧

રઘુપતિ રાઘવ રાજારામ, પતિતપાવન સીતારામ

૨

રામ લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી

૩

રાધાકૃષ્ણ જય કુંજબિહારી, મુરલીધર ગોવર્ધનધારી

૪

રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ

૫

જય રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ

---

## (૪) ગરબી

રે શિર સાટે નટવરને વરીયે
રે પાછું તે પગલું નવ ભરીયે ધ્રુવ૦

રે અન્તર દૃષ્ટિ કરી ખોળ્યું
રે ડહાપણ ઝાઝું નવ ડોળ્યું
એ હરિ સારૂં માથું ઘોળ્યું —૧
રે સમજ્યા વિના નવ વિસરીયે રે
રે રણ મધ્યે જઇને નવ ડરીયે
ત્યાં મુખ પાણી રાખી મરીયે —૨
રે પ્રથમ ચડે શૂરો થઇને
રે ભાગે પાછો રણમાં જઇને
તે શું જીવે ભૂડું મુખ લઇને —૩
રે પહેલુંજ મનમાં ત્રેવડીયે
રે હોડે હોડે જુધ્ધે નવ ચડીયે
રે જો ચડીયે તો કટકા થઇ પડીયે—૪
રે રંગ સહિત હરિને રટીયે
રે હાક વાગ્યે પાછા નવ હટીયે
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીયે —૫

## (૫) રાગ છાયા ખમાજ તીન તાલ

હરિનો મારગ છે શુરાનો, નહિ કાયરનું કામ જોને
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને ૧
સુતવિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને
સિંધુ મધ્યે મોતી લેવા માંહી પડયા મરજીવા જોને ૨
મરણ આગળે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને
તીરે ઉભા જુવે તમાસા, તે કોડી નવ પામે જોને ૩

પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને ૩
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સ્હેલ જોને
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને ૪
રામ અમલમાં રાતા માતા પૂરા પ્રેમી પરખે જોને
પ્રીતમના સ્વામીની લીલા તે રજનીદન નિરખે જોને ૫

## (૬) રાગ ખમાજ—ધુમાળી

વૈષ્ણવ જન તો તેને કહિયે, જે પીડ પરાઇ જાણે રે
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે
જિવ્હા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે
મોહ માયા વ્યાપે નહિ જેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામ શું તાળી લાગી, સકલ તીરથ તેના તનમાં રે
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે
ભણે **નરસૈંયો** તેનું દરશન કરતાં, કુળ એકોતર તાર્યા રે

## (૭) ચરખો બોલે રામ

મ્હારો ચરખો બોલે રામ, રામ ભજ તુંહીરે, રામ તુંહી રે
૨ પીંજે પીંજાવાને ગઇતી તમે પીંજો પીંજારા ભાઇ,
પીંજન પીંજારા ચલ ગયા મેરે સતગુરૂ અકલ બતાઇ
સુણજો અરજ અમારી રે..............મ્હારો૦

જળમાંથી જળ નીપજેને કંઇ જળમાં કીધો વાસ,
એક અચંબો એવો બન્યો કે બેટીએ જન્મ્યો બાપ.
સુણજો અરજ અમારી રે..............મ્હારો૦

માતા રે મરજો પીતા રે મરજો મરજો ઘરની નાર,
એક ન મરજો સુતારીઓ મારા ચરખાનો ઘડનાર.
સુણજો અરજ અમારી રે..............મ્હારો૦

રામદાસકો કહે કબીરો આ ચરખો કહેવાય,
આ ચરખો જે ફેરવે તેના જન્મ મરણ મટી જાય.
સુણજો અરજ અમારી રે..............મ્હારો૦

---

## (૮) છેલ્લી પ્રાર્થના

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી કમ્પાવતી અમ ભય–કથાઓ.
મરેલાનાં રૂધિર ને જીવતાનાં આંસુડાંઓ,
સમર્પણ એ સહુ તારે કદમ પ્યારા પ્રભુઓ ? (૧)

અમારા યજ્ઞનો છેલ્લો બલિ આમિન કે'જે !
ગુમાવેલી અમે સ્વાધીનતા તું ફેર દેજે !
વધારે મૂલ્ય લેવાં હોય તોયે માગી લેજે !
અમારા આખરી સંગ્રામમાં સાથેજ રે'જે ! (૨)

પ્રભુજી ! પેખજો આ છે અમારૂં યુદ્ધ છેલ્લું,
બતાવો હોય જો કારણ અમારૂં લેશ મેલું.
અમારાં આંસુડાં ને લોહીની ધારે ધુવેલું,
દુવા માગી રહ્યું જો સૈન્ય અમ તત્પર ઉભેલું. (૩)

નથી જાણ્યું અમારે પંથ શો આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે.
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે,
ફિકર શી જ્યાં લગી તારી અમો પર આંખડી છે ? (૪)

જુઓ આ તાત ! ખુલ્લાં મૂકીયાં અંતર અમારાં,
જુઓ હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા,
જુઓ છાના જલે અન્યાયના અગ્નિ-ધખારા,
સમર્પણ હો, સમર્પણ હો ! તને એ સર્વ પ્યારા ! (૫)

ભલે હો રાત કાળી આપ દીવો લૈ ઉભા જો ?
ભલે રણમાં પથારી, આપ છેલ્લાં નીર પાજો ?
લડન્તાને મહા રણ-ખંજરીના ઘોષ ગાજો !
મરન્તાને મધૂરી બંસરીના સુર વાજો ! (૬)

તૂટે છે આભ-ઉંચા આપણા આશા-મિનારા,
હજારો ભય તણી ભૂતાવળો કરતી હુંકારા;
છતાં વહેશે સમર્પણની સદા અણખૂટ ધારા,
મળે નવ માવડીને જ્યાં લગી મુક્તિ કિનારા. (૭)

**(મેઘાણી)**

---

## (૯) વન્દે માતરમ્

સુજલામ્, સુફલામ્, મલયજશીતલામ્
શસ્ય શ્યામલામ્ માતરમ્—વંદે માતરમ્
શુભ્ર જ્યોત્સ્ના પુલકિત યામિનીમ્
ફુલ્લકુસુમિત દ્રુમદલ શોભિનીમ્
સુહાસિનીમ સુમધુર ભાષિણીમ્

સુખદામ્ વરદામ્ માતરમ્—વંદે માતરમ્

*     *     *     *

નમામિત્વામ્, નમામિકમલામ્, અમલામ્, અતુલામ
સુજલામ્ સુફલામ્ માતરમ્—વંદે માતરમ્
શ્યામલામ્ સરલામ્ સુસ્મિતામ્ ભૂષિતામ્
ધરણીમ્ ભરણીમ્ માતરમ્—વંદેમાતરમ્

---

## (૧૦) વંદે વંદે સુમાતરમ્

વંદે વંદે સુમાતરમ્ હમારીરે
કામધેનુ સુમાતરમ્ હમારીરે—વંદે૦
કપાળ ટીલી લાલ લીલી ભાલ ઝગમગે
ઉપાંગ અંગ કંકણો બે હાથ ખણખણે
ગીતા ગાવા વિના સ્મૃતિ તારીરે—વંદે૦

---

## (૧૧) માતા બુલાવે

ઉઠોને વીર આજ માતા બુલાવે
રણના મારગડા ધુંદોરે—
હૈયામાં હામભરી
અંતરમાં આગ ભરી
કરમાં કિરપાણ* લઇ ઘૂમોરે—
સુખનાં સંતાપ તજી
દુઃખના દરવાન થઇ
મૃત્યુના મોરચા માંડોરે—

---

*સત્ય અને અહિંસારૂપી કિરપાણ.

બુંદ બુંદ રક્ત દઇ
અંશ અંશ દેહ દઈ
એકના અનેક વીર થાજોરે

---

## (૧૨) જાગને જોધવા

જાગને જોધવા, ઉઠ અલબેલડા,
તુજ વિના જુદ્ધમાં કોણ જાશે ?
સમય સંગ્રામના, જો ખડા ખલ્કમાં
સામનો ખેલવા કોણ ધાશે ?
કેસરી ઘોડલી, ફાળ ભર ઠેકતી,
થનગને હણહણે જુદ્ધ જાવા
સજ્જ થા, થા ઉભો, કમર કસ જોરથી,
જુદ્ધમાં મરી ખપી અમર થાવા.
આયુધો અંગ ધર, તેજી તલવાર ધર,
ભીષણ સંકલ્પ મનમાં ભરી લે
નયન ચમકાવ તું, છાતી છલકાવ તું,
રોષભર, જોસ હૈયે ભરી લે.
અડગ ડગ, માંડ પગ, ગજવ તું, ગગનધર,
દુશ્મનો તીર ઉભા ધ્રૂજે જો
યુદ્ધ લલકાર કર, વીર હોકાર કર,
દુશ્મનો દેખ ભાગી છૂટે જો.
ભય નથી, ક્ષય નથી, શૂર ! સંગ્રામમાં,
હારવાનું કદી છે ન તારે,
સત્ય ને કાજ થા, યુદ્ધ રસઘેલડો,
ગેલ કર સમર ઉછરંગ આજે.

લોક પરલોકની ફોક માયા ગણી,
મરણ સુખ માણવા ખેલવા જા.
દુઃખ ને દર્દનું ભાન ભૂલી ભલા !
સમર રસ હોળીએ રોળવા જા.
યુદ્ધ ઉન્માદ ભર, પુણ્ય પૌરુષ ભર,
દર્પભર ડગ દઇ જા તું યુદ્ધે
ઉઠ હા ! ફાળભર, શત્રુને રાડ ધર,
કાળ સમ વીંજજે બાહુ બન્ને,
જીવનનું જોર દીખલાવ સમરાંગણે,
મરણના મુખપર પાય ધર જા,
ઝીલ જા ઘાવ, થડકાવ ના ધર મને,
કાળના શિર પર નૃત્ય કર જા.

## ( ૧૩ ) હૈડે ધરો.

હિંદવીર, મૈયાની હાક આજ હૈયે ધરો
બાલવીર માથાના મોહ આજ મેલી ફરો;
હિંદવીર, ખાંડાની ધાર આજ આગે ચલો,
દેશવીર, મૈયાની ધૂન રોમરોમે ભરો.

હિંદવીર, રણના સંગ્રામ પાય માંડો હવે
બાલવીર, છાતી ખોલીને બાણ ઝીલો હવે;
હિંદવીર, ટીપું ટીપુ તે લોહી રેડો હવે
દેશવીર, મૈયાની લાજ આજ રાખો હવે.

હિંદવીર, લીધી ન ટેક કદી છોડવી હવે,
દેશવીર રણમાં પડી ન બ્હીક રાખવી હવે.

હિંદવીર, ખાંડાના ખેલ આજ ખેલો હવે,
દેશવીર મૈયાનાં દુઃખ આજ ટાળો હવે.
હિંદવીર, નહિ રે ગુલામી સહી જાય કૈં હવે,
બાલવીર, સૈકાના બંધ આજ તૂટશે હવે;
હિંદવીર. ગામગામનાં સ્વરાજ થાશે હવે.
દેશવીર, મૈયા સ્વતંત્ર હિંદ થાશે હવે.

## ( ૧૪ ) દેવી હિંદમાતા

મા ! તેત્રીસ કરોડની માત દેવી હિંદ માતા !
તારાં ઋષિ મુનિ સંતાન દેવી હિંદ માતા !
તારાં ચાંદો સૂરજ ગીત ગાય ,,
તારા પાનીએ પહોંચે કેશ ,,

એક હાથે ત્રિશૂળ સોહાય ,,
બીજે હાથે ભવાની તલવાર ,,
ધરી ગીતા તે ત્રીજે હાથ ,,
ચોથે હાથે આપે વરદાન ,,

તને નમીએ નમીએ માત ,,
તારો સઘળે જયજયકાર ,,
મા ! તેત્રીસ કરોડની માત ,,
તારાં ચરણે નમીએ માત ,,

તારાં દશે દિશાએ માન ,,
તારાં પદમ પગડિયે માત ,,
તારી નવખંડ પૂરે શાખ ,,
તને નમીએ નમીએ માત ,,
મા ! જય જય જય ચિરકાળ ! ,,

## ( ૧૫ ) આવજો

આવજો આવજો આવજો રે
શૂરવીરો સંગ્રામમાં આવજો.
લાવજો લાવજો લાવજો રે
મોત મૂઠીમાં ઘાલીને લાવજો.
જાલીમના જુલ્મને પાપીના પાપથી,
બ્હી બ્હીને શિર ના ઝૂકાવજોરે
આવી અમૂલ ઘડી આજે બલિદાનની,
શૂરા મર્દાનગી દેખાડજોરે—શૂરવીરો૦
સત્તાના તોરથી કે લાઠીના દોરથી,
શૂરા કદી ના કંપજો રે
બંદૂકના બારથી કે તલ્વારની ધારથી,
ભડકીને પાછા ના ભાગજોરે—શૂરવીરો૦

## ( ૧૬ ) શુરવીર આવજો

( હરિ વેણુ વાય છે રે હો વનમાં )

શૂરવીર આવજો રે હો રણમાં
ઉત્સાહ ચેતન ભરજો તનમાં—શૂરવીર૦
ગજ ગજ કૂદજો રે હો કોડે
બલિદાન દેજો જાતનાં જો રે શૂરવીર૦
કરજો કેસરીયાં રે હો હરખે
પ્રભુ છે ઉભા પોતે પડખે—શૂરવીર૦
કાયર ભાગજો રે હો વનમાં
ભય જો લાગે મોતનો મનમાં—શૂરવીર૦

અવસર આવ્યો રે હો તરવા
નિશ્ચય કરજો જીતવા કે મરવા—શૂરવીર૦
ઝુંડો સતનો હો ફરકાવો
શાન્તિ પાળો સ્વરાજ ઘેર લાવો—શૂરવીર૦
ડંકો વાગ્યો રે હો વહાલા
યુવક ધાજો રણમતવાલા—શૂરવીર૦

## ( ૧૭ ) બાપૂની વીરહાક

વાગે છે રે વાગે છે મારા બાપુની વીરહાક વાગે છે;
ડોલે છે રે ડોલે છે જુલમીનાં રાજપાટ ડોલે છે.
જાલીમનાં જુલમોને હાકેમની બેડીઓ,
એકકે તડાકે તૂટે છે—મારા બાપુની વીરહાક વાગે છે
અંધારાં આથમ્યાં ને ઓથાર ઓસર્યાં,
રણનાં રણશિંગડાં વાગે છે—મારા બાપુની૦
પટલાઇનાં પોથાં ને નોકરીનાં થોથાં,
લોકો ફટાફટ ફેંકે છે—મારા બાપુની૦
સરકારી શાળાનાં ભણતર મૂકીને,
જંગે જુવાનીઆ ઝુકે છે—મારા બાપુની૦
દૈતરાજ ફીટે ને રામરાજ વ્યાપે,
સતના ડંકા ગાજે છે—મારા બાપુની૦
કાયરતા કાઢીને વીરતા વ્હોરી
શુરા સંગ્રામમાં ઝુઝે છે—મારા બાપુની૦

## ( ૧૮ ) ઉઠો ઉઠો

ઉઠો ઉઠો યુવક ઉઠો યુવતિ રે
　　દુઃખે ભારતી માતા રીબાય —ઉઠો૦
પરદેશી લુંટે ચોપાસથી રે
　　લીલાં ખેતર ગોધા ચરી જાય —ઉઠો૦
માના અંગે અંગોમાં વાધી વેદનારે
　　છોડો ભોગો ને છોડો વિલાસ —ઉઠો૦
એના માયાવી રાજ્યની મોહિની રે
　　નાંખી ભુરકીને હીર હરી જાય —ઉઠો૦
ગોરૂં સાયમન કમીશન લાવીઓ રે
　　એથી સિદ્ધિ સ્વરાજ્યની શું થાય ?—ઉઠો૦
ધુળ પડી આપેલા એના હક્કમાં રે
　　હક્ક આપ બળેથી લેવાય —ઉઠો૦
દેવી ગુર્જરીનો ગાંધી મોહન એક છે રે
　　બીજો બારડોલી વીર સરદાર —ઉઠો૦
બારડોલીએ બારણાં ઉઘાડીઆં રે
　　એ જ મારગે મેળવો સ્વરાજ્ય —ઉઠો૦

---

## ( ૧૯ ) વીરને વિદાય

જીતી સ્વરાજ વ્હેલા આવજો રે
વાગે દુદુંભિ રણ હાકનાં રે
માંડોને પાય રણવાટ રે　　મથુરભાઇ—જીતી૦
શોભે લલાટ કેસર ચાંદલોરે　　,,
હૈયે દીપે સુતર માળ રે　　,,

માથે ઉડે સ્વરાજ્ય વાવટો રે
હૈડે વિજય ફૂલમાળ રે ,,
મોઢી ભરીને બાથ ભેટશું રે
સામી છાતીએ ઝીલશું ઘાવ રે ,,
ટીપે ટીપે તે લોહી આપશું રે
પાછા નહિ પડશે પાય રે ,,
પડજો ભલે બંદૂક ગોળીઓ રે
છાતી વીંધાય રણવાટ રે ,,
લીધી પ્રતિજ્ઞા નહિ છોડશું રે
કાયા કપાય ક્રોડવાર રે ,,
ખાદી પહેરી છે દેશ દાઝની રે
ખાદીને નહિ લાગે ડાઘ રે ,,
માતાની લાજ અમે રાખશું રે
માટીનો મનખો ઉજાળ રે ,,

---

## ( ૨૦ ) મર્દ બનો હો

મર્દ બનો હો મર્દ બનો, સબ હિંદુસ્તાની મર્દ બનો,
સરકારી કાનૂન પૂર્ણ કરો—પરદેશી હકૂમત દૂર કરો.
હમ માલીક હૈ અપને ઘરકે ઓ દસ્તન દાજી કયાં કરતે,
બસ બંધ કરો બંધ કરો ગુલામીખાના બંધ કરો.
આયા થા હો બનીયા હોકે અબ રખતા હૈ બંદૂક તોપે,
પાર કરો હો પાર કરો પાજી કો દરીઆ પાર કરો.
બહેતર હૈ પ્હેનો હથ કડીઆ જૌહરકી આઈ હૈ ઘડીઆં
ડરને વાલે પ્હેનાં ચૂડીઆં,

ડૂબ મુએ ડૂબ મરો મુંહ છૂપાકે જલમેં ડૂબ મરો.
અબ આગ લગી હૈ હિંદુસ્તામેં હૈ કૌન છૂપે ગાજે ઘરમેં,
નાશ કરો હો નાશ કરો જાલીમ કો દેશનીકાલ કરો.
સબ સપુત ઉઠો સાથ ચલો એ શાસનકો બરબાદ કરો,
યાદ કરો હો યાદ કરો,

જલીઆં કે જુલ્મો યાદ કરો,
વિરમગામ જુલ્મો યાદ કરો,
પેશાવર દિનો યાદ કરો,
સોલાપુર દિનો યાદ કરો,
ધરાસણા દિનો યાદ કરો,

યે નાદીરશાહી નાશ કરો ખૂદ જલકે ઉસકો ખાખ કરો.
કૂદ પડો હો કૂદ પડો મેદાને જંગમે કૂદ પડો.
યે જુલમ નહિ હમ સહ લેંગે જાલીમકો યહાંસે ભગા દેગેં,
દૂર કરો હો દૂર કરો ભારતસે ઉસકો દૂર કરો.

---

## ( ૨૧ ) નિકલ બહાર

હે જુદ્ધમાં જીતવા જાને વાલમિયા જુધ્ધમાં જીતવા જાને
હે જંગમાં મોખરે થાને વાલમિયા જંગમાં મોખરે થાને
હે દેશમાં લાગી આગરે વાલમિયા દેશમાં લાગી આગ
હે છોરૂં માતાયું રૂવે વાલમિયા છોરૂં માતાયું રૂવે
હે પંખિયાં માળે મરે વાલમિયા પંખિયાં માળે મરે
હે આભથી ફાટી પડે વાલમિયા આભથી ફાટી પડે
હે મેઉલો વાદળે પીધો વાલમિયા મેઉલો વાદળે પીધો
હે ધરતી પાક લઇ લીધો વાલમિયા ધરતી પાક લઇ લીધો

હે બારણે ઝૂમો પડે વાલમિયા બારણે૦
હે ઘરમાં કેમ તું ઘોરે વાલમિયા ઘરમાં૦
હે આંગણે આવી હોળી વાલમિયા આંગણે૦
હે લોહી રંગે રંગોળી વાલમિયા લોહી૦
હે માવડી માથાં ફૂટે વાલમિયા માવડી૦
હે લીલડાં માથાં ફૂટે વાલમિયા લીલડાં૦
હે બારણે ઝૂમો પડે વાલમિયા બારણે૦
હે કેમ તું ઘરમાં ઘોરે વાલમિયા કેમ૦
હે કેમ અહીં તરસે મરે વાલમિયા કેમ૦
હે ગોળીઓનો મેહ વરસે વાલમિયા ગોળીઓનો૦
હે કૂળનું નામ ઉજાળ રે વાલમિયા કુળનું
હે આપનું લોહી દેખાડ રે વાલમિયા આપનું૦
હે જુદ્ધમાં જીતવા જાને વાલમિયા જુધ્ધમાં૦
હે જંગમાં મોખરે થાને વાલમિયા જંગમાં૦

## ( ૨૨ ) 'આઝાદીની તમન્ના'

યે શિર જાવે તો જાવે, પર આઝાદી ઘર આવે;
યે જાન ફના હો જાવે, પર આઝાદી ઘર આવે. ૧
જો આગે કદમ ઉઠાયા, ઓ અબ નહિ હઠને વાલે;
જો યકીન હમને પાયા, ઓ કભી ન રુકનેવાલે ૨
યે નવજવાનોં કી સેના, અબ નહિ હે હઠનેવાલી;
યે નવજવાનોં કી સેના, અબ નહિ હે રુકનેવાલી.
હમ ખુની જીગર કે પ્યાલે, દુશ્મન કો પીલાનેવાલે;
હમ નહિ હે બુઝદિલ આદમ, હમ કહા સો કરનેવાલે ૪

અય શ્રદ્ધન ઉંચે ઉઠાઇ, નહિ જુલ્મો સે ઝૂકનેવાલી;
અય સિતમ કે કરનેવાલે, ચલ બંદૂક જલ્દી ઉઠા લે ૫
હમ ખડે હે ધર કે સીના, અય ગોલી ચલાનેવાલે;
ચલ બતાદે તાકત તેરી, અબ હમ નહિ હટનેવાલે. ૬
હમ મરેંગે લડતે લડતે, નહિ લડાઇ મરનેવાલી;
મયદાન ન હોગા ખાલી, જબતક ન હો ખુશહાલી. ૭
અય મંજૂર હમે હય મરના, ચલ અપના સાજ સજાલે;
ચલ બતા દેતાકત તેરી, અબ હમ નહિ થકનેવાલે. ૮

## ( ૨૩ ) ચલો મેદાનમાં

માથાના મોહ મેલી હાલો હો બંધવા
માંડયા છે મોરચા ભારી રે.
કેડે કટાર* અને કરમાં કિરપાણ* લઇ
હાલો મેદાનમાં ભાઇ રે.
પરદેશી માન ચાંદ, પરદેશી ધુંસરી,
ફેંકી ઉખેડી ચાલો રે.
પરદેશી રાજ, માલ, પરની ગુલામી
મૈયા એ હિંદની કાપો રે.
રણના મેદાન આજ ઘૂમો જુવાનો
સૈકાની સાંકળો તોડો રે
મૈયા એ ભારતીના ખાલી ખપ્પરમાં
પોતાના પ્રાણને હોમો રે.

*સત્ય અને અહિંસારૂપી કટાર અને કિરપાણ.

## ( ૨૪ ) દેશની ખાતર

અમારા દેશની ખાતર થશું આજે અમે કુરબાન
દઇશું પ્રાણ આ મોંઘા અમારા દેશને માટે.
ભલેને ખત્મ થઇ જાશું ભલે ખાશું અમે ખંજર
ખુશીથી કત્લ થઇ જાશું અમારા દેશને માટે.
ઘરેઘર જંગ ખેલીશું કરીશું આજ સૌ જૌહર
મીટાવી મોહ ને માયા અમારા દેશને માટે.
ફના થાશું ફના કરશું ન સ્હેશું જુલ્મ કૈં હર્ગિજ
ખુશીથી ખાક થઇ જાશું અમારા દેશને માટે.
થશે આજે સીતમગરનો ઘડીના ભાગમાં ઇન્સાફ
તીખી તલ્વારની ધારે અમારા દેશને માટે.
અમારૂં લૂણ ખાઇને અમારો જે થયો જલ્લાદ
હવે પાછું કઢાવીશું અમારા દેશને માટે.
અમારૂં રક્ત પીનારા થશે આજે પૂરા બરબાદ
ન રહેશે નામ કે નિશાન અમારા દેશને માટે.
કરેલા જુલ્મમાં પોતે જલી જાશે હવે જલ્લાદ
અમારે તો શહીદી છે અમારા દેશને માટે.

## ( ૨૫ ) ધાજો

ડંકો વાગ્યો ને દીલ્હી ખળભળી
વિલાયતમાં લાગી જાણે લાય રે—
છૂટયા સંદેશા છૂટયા વાયરા
દરિયા આડે ચાલી વાટાઘાટરે—
સૂણો સીમલાથી સંદેશો મોકલે

માડી જાયા ધાજો મારી વ્હાર રે—
નાખ્યો મીઠાનો વેરો આકરો
આજે તેની સળગી છે અહીં આગરે—
કીધા કાયદા ને લાવ્યા લશ્કરો
થાતી હાંસી આજે ઘેરેઘેર રે—
ચૂસ્યા ખેડુ ને લુંટયાં ખોરડાં
આજે એનો માગે લોક જવાબરે—
રંગ્યા કાગળ ને ચીતર્યાં રૂપીઆ
આપે ના કોઇ કોડી એની એક રે—
ભાગ્યા હુન્નર ને ભાગ્યાં હાટડાં
એનો આજે માગે છે હીસાબ રે—
દારૂનાં પીઠાં કર્યાં સહુ ગામમાં
દેવામાં ડૂબાડી માર્યા લોકનેરે—
ખેતી કરનારા ખેડુ જાગીઆ
ધણીઆતું માગે ખેતરનું આજ રે—
બબ્બે સૈકાંથી માંડી લુંટ આ
કરશું આજે સીધા લુણહરામ રે—
જાગ્યા જુવાન આજે દેશના
માગે છે સૌ આજે પૂર્ણ સ્વરાજ રે—
હલકયાં ગામો ને ઉલટયાં સૌ લોક
શું રે થાશે આવતી કાલ સવાર રે—
બોલોરે કાંઈ ભાંડુ મારા દેશના
બોલો રે કાંઇ શાહી પાર્લામેન્ટ રે—
સુબો આવો સંદેશો મોકલે
ધાજો રે કોઇ ધાજો મારી વ્હાર—

## ( ૨૬ ) રૂડા ગાંધીડા

હે ગાંધી તોરા રાજમાં ધોળી ટોપીનો ઘેર રૂડો ગાંધીડો
હે કપાસ પીલી, રૂને પીંજી, પૂણી બનાવશું આજેજી
હે પૂણી કાંતી સુતર વણાવી ખાદી ઓઢીશું આજેજી
હે ગાંધી તોરા રાજમાં મીઠા ચોર કરે છે લ્હેર—રૂડો૦
હે અમલદાર છે ઝેરી જીવડા પાસે જાવું છાજે નહિ
હે ભુંડાની નફટાઇ સામે નજર સરખી કરશો નહિ
હે ગાંધી તોરા રાજમાં ખેડુત કરે છે લ્હેર રૂડો૦
હે વિલાયતી કાપડ ભૂખે મારે વાપરવું એ શોભે નહિ
હે ભુખે મરીને ગુલામ બનીને જંજીરે જકડાશો નહિ
હે ગાંધી તોરા રાજમાં ધોળી ટોપીનો ઘેર રૂડો૦
હે જેલ આવે બંદૂક આવે પાછી પાની કરશો નહિ
હે ડરી ડરીને કાયર થઇને કલંક માથે લેશો નહિ
હે ગાંધી તોરા રાજમાં શુરવીર કરે છે લ્હેર રૂડો૦
હે મર્દો જેવા મર્દો થઇને ગુલામી તમને શોભે નહિ
હે યા હોમ કરીને મુક્તિ માટે, મરતાં પણ અચકાશો નહિ
હે ગાંધી તોરા રાજમાં મરજીવા કરતા લ્હેર રૂડો૦

---

## ( ૨૭ ) હોકાર

મારો છે હિંદ મને પ્યારો ભૂખંડમાં—
રહેજો અખંડ દેશ મારો રે
દેશ દેશ વ્યાપજો કીર્તિ દિગંતમાં
જીવો અનંત દેશ મારોરે—

ગુલામી બેડીઓ તોડી પલકમાં
થાશે સ્વતંત્ર દેશ મારો રે,
વિદેશી ધુસરી ફેંકી શિરેથી
ઉભો થશે દેશ મારો રે—
શત્રુનાં કાળજાં કાચાં ધવાશે
કરશે હોકાર દેશ મારો રે,
ખાંડાના ખેલ ગામગામે ખેલાશે
થાશે સ્વતંત્ર દેશ મારો રે—

## ( ૨૮ ) ગોરા લુંટારૂ

( ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં—એ રાગ )

ભૂખ્યા પરદેશી આવ્યા દેશમાં,
ઉંદર પેઠે ફોલી ખાધાં લોકરે—લુંટારૂ ગોરા૦
મોંના મીઠા ને હૈયે કોયલા
પોત પ્રકાશ્યું પરદેશી સરકાર રે ,,
લુંટયાં ઝુટયાં ને ભાંગ્યાં ખોરડાં
વ્હાણ ભરીને હલકાર્યા પરદેશ રે ,,
કાપ્યા અંગુઠા કાપ્યાં આંગળાં
ઘરેઘરે તે વ્યાપી રોળારોળ રે ,,
લુંટયો પૈસો ને લુંટી જીંદગી,
લુંટી લીધો ઉભો ખેતરમોલ રે ,,
લાખ્ખો ને ક્રોડો આજે દેશમા
પાણી પીને ચૂસે લીલું ઘાસ રે ,,
ખાડો થોડો તે પેટ પૂરવા

કરે મજૂરી કાળી દહાડો રાત રે ,,
ગામે ગામે દારૂ પીઠાં કર્યાં
દારૂ પીતા કર્યાં મજૂરીઆ લોકરે ,,
મારી ઝૂડીને હથિયાર લઇ લીધાં
કીધા સૌને બૈરીના અવતાર રે ,,
ઢૂચા દીધા ને મ્હોં શીવી લીધાં
બોલે તેને જકડાવી જંજીર રે ,,
ઉંચું માથું રે! જો કોઇ કરે
બોલે એને દેખાડી બંદૂક રે ,,
મીઠું જોઇએ તે સહુ જીવને
પાઇનું મીઠું માગે રૂપીઓ એક રે ,,
સોના નાણું વિલાયતમાં ભર્યું
અહીં તો ઉડે કાગળના પતંગ રે ,,
રંગ્યા કાગળ ને ચીતર્યા રૂપીઆ
એવું છે આ ટોપીવાળાનું રાજ રે ,,
કાઢી કોરટ ને કાઢયા કાયદા
રમવા માંડયો જુગતિથી જુગાર રે ,,
ભાષા ભૂલાવી સારા દેશની
અંગરેજીમાં રેડયું કાળું ઝેર રે ,,

---

## ( ૨૯ ) રાજા અંગરેજી

( રૂડો ગાંધીડો—એ રાગ )

હે અંગરેજીઆ, તારા રાજમાં ધોળે દી કાળો કેર—રાજા૦
,, તારા રાજમાં પાપીને લીલા લ્હેર ,,

,, ગુંડાનું ચાલે રાજ ,,
,, ,, લાઠીનો ચાલે માર ,,
ડાયરની ડાયરશાહીનો દમામ દેખી ડરશું નહિ,
ગુંડાની ગુંડાશાહી દેખીને પાછા પડશું નહિ,
હે અંગરેજીઆ તારા રાજમાં ધોળે દી કાળો કેર—રાજા
,, ,, સાધુસંતોને જેલ ,,
,, ,, શેતાની કરતી સ્હેલ ,,
લાઠી ખાશું ગોળી ખાશું પાછી પાની કરશું નહિ,
ફના ફના થઇ જાશું છોને, સ્વરાજ વિના રહેશું નહિ,
હે અંગરેજીઆ, તારા રાજમાં જુઠા બોલાનું જોર—રાજા૦
,, ,, દુષ્ટોનો ચાલે દોર ,,
અંગરેજીઆ તારા રાજની ખોદાશે આજે ઘોર—રાજા૦

## ( ૩૦ ) છોડો નોકરી

છોડો છોડો સરકારની નોકરીરે
નોકરીને લગાડો લાય —છોડો૦
કેમ થાએ જાલીમની નોકરી રે
એવી નોકરીમાં મેલજો આગ—છોડો૦
પેટ કાજે ડૂબાડે જે દેશને રે
એને લાખો લાખો ફીટકાર —છોડો૦
દારૂ પીને ડૂબાડે જે દેશને રે
તેનું પાણીય તે કેમ પીવાય—છોડો૦
કેમ થાએ શેતાનની ચાકરી રે
એવી ચાકરીમાં બળ્યું શું માન--છોડો૦

છોડો છોડો જાલીમની નોકરીરે
છોડો છોડો પટેલભાઇ આજ—છોડો૦
તમે પોલીસપટેલ સૌ જાગજો રે
નોકરીને લગાવજો લાત —છોડો૦
ચાર પૈસા માટે શું જાત વેચવી રે
એવી ચાકરી ઉકાળશે શું ભાત ?—છોડો૦
ઠોંસા ઠસ્સા ખાવા ને ખોવી આબરૂ રે
તેથી રૂડેરૂ આવજો મોત —છોડો૦
માટે છોડો જાલીમની નોકરી રે
એના પાપમાં લેજો ન ભાગ—છોડો૦

---

## (૩૧) દેશમાં ડંકો વાગ્યો રે

( આવેલ આશાભર્યા—એ રાસની ઢીક )

દેશની પીડા જાણવાને વીરો,
ઉઠોને આજને આજ, દેશમાં ડંકો વાગ્યો રે
માત તમારી રૂદન કરે ને વીરો,
ચીર તણાતા જાય, દેશમાં ડંકો૦
માતાના નામે ઘૂમજો વીરો,
ઘૂમોને નવખંડ માંય, દેશમાં ડંકો૦
સંતાન કરતાં શંખ ભલા વીરો,
બેઠા રહો છો કેમ ? દેશમાં ડંકો૦
વીરત્વ દેશનું હણાય વીરો,
માતાના સુણો પોકાર, દેશમાં ડંકો૦
હાક સૂણી દેશ દાઝ વીરો,
સુતા તે કેમ રહેવાય દેશમાં ડંકો૦

જાગો વીરો ને હથિઆર ઝાલો,
હાલો પડો મેદાન, દેશમાં ડંકો૦
મરવા તણી હોંશો ઘણી રે વીરો,
વીરનો એ છે કોડ, દેશમાં ડંકો૦
લઈ હથિઆર ને ઝૂમજો વીરો,
ખેલોને ખાંડાની ધાર, દેશમાં ડંકો૦
જીવી જાણ્યું હોય જો વીરો,
દોટોને હાકલ માંય, દેશમાં ડંકો૦

---

## (૩૨) સીધાવો તો ઘણું સારૂં

અમારૂં ભાન છે અમને, તમારૂં તો નથી તમને;
અમારૂં પાછું દઇ અમને, સીધાવો તો ઘણું સારૂં
હિસાબે આંકડા ખોટા વાળ્યા ઘણા તમે ગોટા;
શી રીતે થાઓ છો મોટા, સીધાવો તો ઘણું સારૂં
અન્યાયે જેલ દો અમને, સુઝે ઇન્સાફ ના તમને,
સતાવો સૌ રીતે અમને, સીધાવો તો ઘણું સારૂં.
બાળકને મારતા ફટકે, નિર્દોષી ફાંસીએ લટકે;
ઘણા માર્યા ગયા ઝટકે, સીધાવો તો ઘણું સારૂં
જામીન જબરાઇથી લીધા, બોલંતા બંધ સૌ કીધા;
ઘણાને દેશવટા દીધા, સીધાવો તો ઘણું સારૂં.
પ્રજાને ના શકયા પાળી, રહ્યા સૌ લોહીને બાળી;
હવે કેમ વૃત્તિ થઇ કાળી, સીધાવો તો ઘણું સારૂં.
ભારત ભૂખ્યું બધે ભટકે, છતાંયે દીલ ના ખટકે;
આત્મબળ એમ નહીં અટકે, સીધાવો તો ઘણું સારૂં.

પ્રભુજીની મદદ સારી, હવે જઇશું નહીં હારી;
અવિનાશી ઐક્યતા ધારી; સીધાવો તો ઘણું સારૂં.

## ( ૩૩ ) ખાદી ખરી ખાનદાન

ખાદી ખરી ખાનદાન, વાહ મારી ખાદી ખરી ખાનદાન-ટેક.
લાખોને પાળે, લાખો જીવાડે; લાખોને શાન્તિ દેનાર–વાહ.
ઉનાળે ઠંડક શિયાળે ગરમી; આપે ચોમાસે આરામ-વાહ,
નાણાં બચાવે નાણાં વધારે; નાણાંની રેલો ફેલાય–વાહ.
દુષ્કાળ ભાગે, રોગોને કાઢે; ચોરી લબાડીનો નાશ–વાહ.
ટાણે કટાણે કાળે દુકાળે, ભાગ્યાની ભેરૂ ખાસ–વાહ.

## ( ૩૪ ) દેશદ્રોહી ના બનો

( ગઝલ )

વિદેશી માલ લેનારા જરા તો લાગણી રાખો
ગરીબડા દેશની ખાતર હવે તો લાગણી રાખો
તમારા દેશની લક્ષ્મી, વિદેશે શીદ કાઢો છો
કરોડો લક્ષ્મી ભારતની અરેરે કાં ગુમાવો છો
મરે છે અન્ન વિણ લાખો મરે છે વસ્ત્ર વિણ લાખો
મરે ધંધા વિના લાખો દયા લાવો દયા લાવો
અરે આ હિંદ માતાએ તમોને અન્નથી પોષ્યા
દયાળુ માતૃ ભૂમિએ હવા પાણી થકી પોષ્યા
બનો ના માતના દ્રોહી બનો ના માતના વેરી
વિદેશી વસ્ત્ર કં પહેરી કરો ના દેહને ઝેરી

રીબાતા દેશ બંધુની પીડાતા દેશ પ્રેમીની
દયા લાવી સજો ખાદી દયાળુ છો ખરા હિંદી
જમાનો ઓળખી લ્યોને તમારો ધર્મ સમજોને
વિદેશી વસ્ત્ર ત્યાગોને હૃદયના દ્વાર ખોલોને
સજો ખાદી સજો ખાદી કહુ પ્રેમે સજો ખાદી
ગરીબડા દેશની ખાતર સજો ખાદી સજો ખાદી

## ( ૩૫ ) મીઠાના દાણ

મીઠાના દાણ અમે નહી દીએ રે લોલ
દાણ સાટે દઇશું અમ દેહ જો —મીઠાના૦
હાલો બેની ને હાલો બંધવારે લોલ
જુલમી વેરાના તોડો બંધ જો— ,,
મીઠું જોઇએ તે ઝાડપાનને રે લોલ
મીઠા વિના મરે ખડધાન જો— ,,
મીઠું જોઇએ તે સહુ જીવને રે લોલ
મીઠા વિના મરે નરનાર જો— ,,
આવ્યા પરદેશી, આવ્યા જુલમી રે લોલ
નાખ્યાં મીઠાને માથે દાણ જો— ,,
હાથે મીઠું હવે બનાવશું રે લોલ
ધેરેધેરે કરશું એની લ્હાણ જો— ,,
કાળા તે કાયદા મીટાવશું રે લોલ
કરશું સ્વતંત્ર પ્યારો દેશ જો— ,,

## ( ૩૬ ) ઝુક પડો મયદાન !

ચલ ચલ ભૈયા જંગ મચા હૈ,
સ્વરાજકા સંગ્રામ મચા હૈ,
રણમયદાન સમીપ ખડા હૈ
—અબ ઝૂક પડો મયદાન ! (૨)

પરદેશી ગોરે આયે હૈં
લોક સભી તારાજ હુએ હૈં.
ઘરઘર રોનાકૂટ ચલે હૈં
—અબ ઝૂક પડો મયદાન ! (૨)

યે જુલ્મી શયતાન રાજકો,
મીટ્ટીમેં અબઘડી મીલા દો,
ઐસા નામનિશાન મિટા દો,
—અબ ઝૂક પડો મયદાન ! (૨)

ભૈયે ઝૂક પડો રણજંગે,
અપના ખૂન બહા લો રંગે,
મર જાના પર, નહિ હટેંગે
—અબ ઝૂક પડો મયદાન ! (૨)

## ( ૩૭ ) રેંટીયો

રેંટિયો દીન તણો દાતાર રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો ભૂખ્યાનો ભંડાર— ,,
રેંટિયો અન્ન જળનો દેનાર— ,,
રેંટિયો વસ્તરનો પૂરનાર— ,,
રેંટિયો દળદરનો હરનાર— ,,

રેંટિયો આંગણાનો શણગાર —,,
રેંટિયો ગરીબડાંની ગાય —,,
રેંટિયે ગરવાં ગુણિયલ થાય —,,

## ( ૩૮ ) શિર ભલે જાય

શિર ભલે જાય, ભલે જાય, ભલે જાય,
ટેક નહિ જાય, નહિ જાય, નહિ જાય.
જંજિર તોડ ડાલો
આઝાદ વીર હાલો,
હો દેહ કુરબાન, કુરબાન, કુરબાન —શિર૦
વિદેશી માલ છોડો
વિદેશી જુલ્મ ફોડો
હો દેહ બલિદાન, બલિદાન, બલિદાન —શિર૦
વિદેશી પાશ જાશે
સ્વતંત્ર દેશ થાશે.
હો થાઓ બલવાન, બલવાન, બલવાન —શિર૦

## ( ૩૯ )

ગિરિતેં ગીરાઓ, મઝધારમેં બહાઓ.
મહાસાગરમેં ડૂબાઓ, કિન્તુ હાથ નહિં જોડેંગે,
તીખી તેગસે કટાઓ, તત્તો તેલમેં કઢાઓ,
ચાહે ખાલ ખિંચવાઓ, પર મુખ નહિં મોડેંગે.
કાલી નાગ તે ડંસાઓ, ચાહો ભૂમિમેં ગડાઓ,

NATIONAL ARCHIVES LIBRARY
No 3155
Date 29.3.72

અથવા સૂલીપેં ચઢાઓ, પર પણ નહિ છોડેંગે.
ભણત પ્રણવ હમ, સૈનિક સ્વરાજ્ય કે હૈં.
ચિતામેં ભી ખાખ હોતે, ટેક નહિ તોડેંગે,

પંડિત ૐકારનાથ.

## ( ૪૦ ) અંગરેજીઆ

જેણે તને દૂધ દીધું, તેનું તેં લોહી પીધું અંગરેજીઆ !
જેણે તને વસ્ત્ર આપ્યાં, તેનાં તેં મૂળ કાપ્યાં ,,
જેણે તને ધાન દીધા, તેના તેં પ્રાણ લીધા ,,
જેણે તને વાસ દીધા તેના તેં શ્વાસ લીધા ,,
જેણે તને સાથ દીધા તેના તેં હાથ કાપ્યા ,,
જેણે તારાં દુઃખ વાળ્યાં, તેનાં તેં કૂળ બાળ્યાં ,,
જેણે તારી ભૂખ ભાગી, તેને તેં શૂળ ઘાલી ,,
જેણે તને સ્હાય દીધી તેને તેં ચૂસી લીધી ,,
જેણે તારી લાજ રાખી તેની તેં શાખ બાળી ,,
જેણે તને શુધ દીધી, તેને તેં છુરી દીધી ,,
વેરા તેં નાખ્યા ભારી, રૈયત ભૂખે મારી ,,
મીઠાનો વેરો તેં નાખ્યો, કાળો કેર વાળ્યો ,,
મહેસુલના માર બહુ દીધા, ખેડુને ફોલી લીધા ,,
ઘરના ધંધા તેં નાશ કીધા, લોકોને ખાખ કીધા ,,
પરદેશી માલ તેં ઘુસાડયો આ દેશને ફસાવ્યો ,,
અંતે ગાંધી દેવ આવ્યા, ને તારા બાર વાગ્યા ,,

## (૪૧) ઓ સરકાર!

ચલાવ તારી ગુંડાશાહી, ઓ સરકાર! ઓ સરકાર!
ચલાવ તારી ડાયરશાહી ,,
બતાવ તારી લાઠી કેવી! ,,
બતાવ તારી બંદૂક કેવી! ,,
ચલાવ તારી નાદીરશાહી ,,
ચલાવ તારી ફ્લેચરશાહી ,,
ચલાવ તારી ગુંડાશાહી ,,
ચલાવ તારી ડંડાશાહી ,,
ચલાવ તારી જંઘીસખાની ,,
ચલાવ તારી લાઠીશાહી ,,
ખડા અમે સૌ છાતી કાઢી ,,
ઉડાવ તારી ગોળી છોડી ,,
ભલે કદી બંદુકે દેજે ,,
ભલે ગમે તો લાઠી દેજે ,,
નથી અમે ડરતા મૃત્યુથી ,,
મોત અમારૂં મરી ગયું છે ,,
કીધા કાયદા અન્યાયી તેં ,,
આજે એ સૌ દફન કરીશું ,,
અન્યાયી લાદ્યા કરવેરા ,,
આજ અમે એ નહિ સાંખીશું ,,
વહાલા જે સરદાર અમારા ,,
પકડી તેં પીંજરમાં પૂર્યા ,,
પીંજર તોડી ખાખ કરીશું ,,

રોમ રોમ અંગાર ભરીશું ,,
ત્રીસ ક્રોડનાં લોહી ચુસતી ,,
આજે તારી ઘોર કરીશું ,,

---

## ( ૪૨ ) તારાં વાગે નગારાં

તારાં વાગે નગારાં હવે મોતનાં રે,
હજી ચેતીલે ઓ સરકાર —તારા૦
તારી સત્તાનાં ઉખડે મુળીયાં રે,
હજી ચેતીલે ઓ સરકાર —તારા૦
તારી તોપોમાં ઉગશે ઝાડવાં રે,
તારા દારૂની થાશે ખાખ —તારા૦
તારી જેલોથી કોઇ ડરતું નથી રે
તારી ધમકીના ભાગ્યા ભુત —તારા૦
તારી ગોળી તો ફુલ ગણી ઝીલશું રે,
અમ માથે છે રામ રખવાળ —તારા૦
તારા પુરવના પાપ પેદા થયાં રે,
તારા પાપે ડૂબે તારૂં નાવ —તારા૦
શાપ લાગે છે ત્રીસ કોટી જીવના રે,
તેને તાપે ગળે તારા હાડ —તારા૦
જલીયાંવાળાના લોહી ધગી ઉઠશે રે,
ધગે સાધુ જતીનના શ્રાપ —તારા૦
સ્વર્ગમાંથી શહીદ બોલી ઉઠશે રે,
ઉઠે શાપોના ગેબી પોકાર —તારા૦

---

## ( ૪૩ ) ગડગડે છે મોત ડંકા

ગડગડે છે મોત–ડંકા હિંદની સરકારના.
ફુંકાય છે રણુનાદ—અમદાવાદ ગાંધી દ્વારના,
થડકે હૃદય, કર થરથરે છે; આજ દેશી રાજના,
ભડભડ જુઓ ! ભડકા થતાં દેખાય તખ્તે તાજના
તલવાર કેરી ધારથી સત્તા ટકાવી રાખવા,
હિન્દી પ્રજાને બોમ્બની બીકથી દબાવી નાખવા;
શું રૂપ રાક્ષસનું ધરી સરકાર હાથ ઉઠાવશે ?
ભોળા કદિ ગોરા ગગનમાં ગોળીયો વરસાવશે ?
ડરશે ન જરીએ હિન્દીઓ તલવારના તોફાનથી
પાછો નહિ પગ મૂકશે સરકારના ઉન્માદથી
પણ સ્થાપવા સત્તા પ્રજાની વિપ્લવો સળગાવશે,
કરી સાફ શાહીવાદને, હિન્દી ધ્વજા ફરકાવશે !

## ( ૪૪ ) કોલેજ જુવાન !

માતૃભાષાને તરછોડી, ચાલ્યો તું અંગ્રેજીમાં
તનથી ડૂબ્યો, મનથી ડૂબ્યો કેળવણી અંગ્રેજીમાં
ઓ કોલેજ જુવાન !
માણસ મુએ, દેહજ ખુએ, મન આત્મા સાબૂત રહે
પણ તેં તો સૌ નાખ્યું ધોઇ કેળવણી અંગ્રેજીમાં
ઓ કોલેજ જુવાન !
નિજપર માટે કાંઇ ન રાખ્યું વાહ ! ભલો તેં ભોગ દીધો
દેહ, હૃદય, બુદ્ધિ સૌ હોમ્યાં કેળવણી અંગ્રેજીમાં
ઓ કોલેજ જુવાન !

સંકલ્પો મનમાં જાગે ને શોધે તું કાગળમાં ભેદ
બુદ્ધિવિભ્રમ ઠીક કમાયો કેળવણી અંગ્રેજીમાં
ઓ કોલેજ જુવાન !

---

## ( ૪૫ ) મૈયા મારી રે

( કારતક મહિને કૃષ્ણ કૃપાળાઃ )

કર ઉંચું મુખ માવડી મારી નમીએ સૌ નરનારી
ભારત માડી રે મૈયા મારી રે
ધૂળભરી લટ માડી તારી દુઃખભરી આંખલડી
ભોંય નમેલીરે મૈયા મારી રે
ઘોર દીસે મુખ માવડી તારૂં, લાગે મા, ભયવાળું
દુઃખથી કાળું રે મૈયા મારી રે
કુંકુમ ચંદ્રક ભાલ ભુંસાયો, માડી હાથ ધવાયો
કેમ સુંવાળો રે મૈયા મારી રે
દડદડ આંસુ ભોંય ભીંજાવી, ઉંચા સિંહાસનવાળી
રોતી બેઠી રે મૈયા મારી રે
દેહડી તારી થરથર ધ્રુજે, કાળજડે કંપારી
ઉડી ગઇ લાલીરે મૈયા મારી રે
પરદેશી આવી ઘર પેઠો, રાજ જમાવી બેઠો
દુઃખ બહુ દેતોરે મૈયા મારી રે
પરદેશી કોઇ માલ ન રાખો, દુઃખ કદી ના સાંખો
સુખીયાં થાશોરે મૈયા મારી રે

---

## ( ૪૬ ) અત્યાચારનો ગરબો

સહિયર મળીને સહુ આવજો રે લોલ
ગાઇએ માડીના જશગાન, દેશદાઝથીરે લોલ—સહિયર૦
માંડયા સ્વરાજ કાજ મોરચારે લોલ
ગામગામ રણનાં મેદાન, આજ દેશમાંરે લોલ—સહિયર૦
હાલ્યા બત્રીસા ઘેરેઘેરથીરે લોલ
દેતી આશિષ એની માત, પૂરી પ્રીતથીરે લોલ—
દુઃખડાં લેતી તે બ્હેની વીરનાંરે લોલ
સૌનો છે રામ રખવાળ, સદા જાગતોરે લોલ—
સાબરનો સંત સાઠ વર્ષનોરે લોલ
ગરજ્યો હાકાર દશેદિશ, નવેવિધથીરે લોલ—
જુલમી તે કાયદા ઉથાપિયારે લોલ
દુઃખનો ન કીધો ઉચાટ, કોઇ રીતથી રે લોલ
પકડી બાપૂને પૂર્યા જેલમાંરે લોલ
વરતાવ્યો ત્રાસ વરસાદ, ચારે પાસથીરે લોલ-
શેતાને દાવ સૌ દેખાડિયારે લોલ
લાઠીથી દીધો મૂઢ માર, જોરશોરથી રે લોલ
સૈનિકો ઘાવ ઝીલતા રહ્યારે લોલ
માર ખાતા પુકારે રામનામ ભલા ભાવથીરે લોલ
માથાં ફૂટયાં ને હાડ ભાંગિયાં રે લોલ
વેઠયાં અનેકવિધ દુઃખ, પૂર હામથીરે લોલ—
ઘોડા દોડાવ્યા બ્હેનો ઉપરે રે લોલ,
વરતાવ્યો ઘોર હાહાકાર, દેશેદેશમાંરે લોલ—
લાઠી ચલાવી બ્હેનો ઉપરે રે લોલ

સરકારે વરતાવ્યો કેર, જાણે ઝ્હેરથી રે લોલ—
દુઃખની કથા રે! વધુ શું કહું રે લોલ
પાપનો ભરાયો ભાર, ઘણાં વર્ષથી રે લોલ—
એરે ઘડૂલો હવે ફૂટશે રે લોલ,
થાશે સરકાર બરબાદ બધી રીતથી રે લોલ

---

## (૪૭) બોલ કૈં એકવાર

ભારત બોલને હોજી રે માવડી બોલ કંઇ એક વારજી
બોલ કં તો બોલ, માવડી, બોલ કંઇ એક વાર—ભારત૦
દૂળ ભરેલ તુજ બેસણાં મા ધૂળભર્યાં આસનજી
દૂળ છવાઈ હાય! અરે! તુજ મ્લાન દીન વદન—ભારત૦
જુગજૂનાં તારાં આંગણાં ને કાળ જૂનાં સંતાનજી
આજ પડી કર બેડીઓ મા! દુખતી હાડ ને ચામ ભારત૦
જાન ભૂલ્યા ને ભાત ભૂલ્યા વળી, ભૂલ્યા દેશ જબાનજી
ઘરનો ને ધંધો ભૂલી ગયા ને ખાવા રહ્યાં નહિ ધાન—ભારત૦
સૂની પડી ન સીમ ગામની ને સૂનાં પડયાં ઘરબારજી
સૂના પડયા ગામ ચોતરા, ઉડે છે ગીધ ને કાગ—ભારત૦
શહેર લુંટાયાં વળી ગામ લુંટાયાં લુંટાયાં ઘર ને બારજી
ટોપીવાળાના રાજમાં રે! કંઇ નાગાય લોક લુંટાય—ભારત૦
કળા કારીગરી કત્લ થઇને કંક થયા કુરબાનજી
વણાઇ કૂટાઇ સાફ થયું સૌ રહ્યું ન નામ નિશાન—ભારત૦
માવડી કંક તું બોલ હવે તો, એકજ દે નિશ્વાસજી
દારુણ જુલ્મી રાજ ઘડીમાં તો થાશે બળીને ખાખ—ભારત૦

---

## ( ૪૮ ) બાપૂજી જુધ્ધે ચઢયારે

( ગરબો )

સખિ બારસને બુધવારે, ગાંધીજી જુધ્ધે ચઢયા રે,
એંશી શૂરા સૈનિકોની સાથે બાપૂજી જુધ્ધે ચઢયા રે,
**સાખી**—સાબરનો એ સંતજી, આજ નથી અમ સાથ,
પકડી પૂર્યો પાંજરે, એ તો ઇશ્વરનો અવતાર,
બાપૂજી જુધ્ધે ચઢયા રે.

સખી સાબરમતીનો સંત, ગાંધીજી જુધ્ધે ચડયારે,
એની શ્રદ્ધા ને ભક્ત અનંત, બાપૂજી જુધ્ધે ચઢયારે,
સખી બારસને બુધવારે ગાંધીજી જુધ્ધે ચઢયારે.

તોડયા જુલ્મી કાયદા, થથરાવી સરકાર,
ગામેગામ ઘરેઘરે, સખિ ! માંડયાં સ્વરાજ મંડાણ
બાપૂજી જુધ્ધે ચઢયા રે

સખિ ! દેશની ભાગવા ભીડ, ગાંધીજી૦
ભરી હૈયે દુઃખીની પીડ,—બાપૂજી૦
સતના આ સંગ્રામમાં સતની હાક છવાઈ,
દુનિયાભરના દેશની, સખિ ! ગાઓને આજ વધાઇ
બાપૂજી જુધ્ધે ચઢયા રે.

સખિ ! અંગે ધરો શ્વેત ખાદી,—ગાંધીજી૦
હવે નાખો વિલાયતી કાઢી—બાપૂજી૦
સાઠ વરસનો વીર એ, દાંડી તીરે જાય,
દુઃખિયાંનાં દુઃખ ફેડતાં, એની કાય ઘણી કષ્ટાય,
બાપૂજી જુધ્ધે ચઢયા. રે

સખિ ! કં તો ધરો દીલ દાઝ,—ગાંધીજી૦
કંઇ કરજો સ્વદેશને કાજ,—બાપૂજી૦
માગ્યાં સુખ મળશે નહિ, મર્યા વિના નહિ મોક્ષ,
ભોગ વિના શાંતિ નથી, માટે છોડો હવે કૂડ શોખ,
બાપૂજી જૂધ્ધે ચઢયા રે.
સખિ ! બીજા લડે, તમે ઉંઘો શે ?–ગાંધીજી૦
અરે ! બીજા મરે ને તમે જીવો શે?–ગાંધીજી૦

---

## ( ૪૯ ) દાદ પૂછશે

( કાસમ તારી વિજળી મધ દરિયે વેરણ થઈ—એ રાગ )

સરકાર તારા પાપની રે આજ દાદ પૂછશે !
અંગરેજ તારા નામની રે આજ દાદ પૂછશે !
ગામડે ગામડે લુંટ ચલાવી તેં
કીધાં ખેદાન મેદાન— સરકાર૦
ખેતર ખેતર ચૂસી લીધો રસ
રાખ્યું ન નામ નિશાન ,,
ગામડે ગામડે દારૂપીઠાં કર્યાં
માર્યા મજૂરીઆ લોક— ,,
ન્યાયના નામની ટીકીટો કાઢી
જેવી ટિકીટ તેવો ન્યાય— ,,
નમ્યું નમી જાય ન્યાયનું ત્રાજવું
કજીયા ને વધ્યા કલેશ— ,,
ચશમો ઘાલીને સાહેબ આવ્યા
જુએ નકશામાં ગામ— ,,

બાર આની પેલા ગામમાં પાકયું
ચૌદ આની આ ગામ— ,,
તલાટી કહે સાહેબ બે આની પાકયું
સાહેબે મારી ધોલ— ,,
મુખી કહે સા'બ પાકયું ન પાકયું
સાહેબે મારી લાત— ,,
સોનાના દેશમાં ધુંસ ઉડે આજ
એ છે તારા પરતાપ— ,,
સોનું ગયું હવે ધૂળ રહી આજ
એ છે તારા પરતાપ— ,,
લોક લુંટી ને તેં પેટ ભર્યું તારૂં
હવે થયું ધડાધાટ— ,,
પાપ ઘડુલીઓ ફૂટી જશે તારો
આજ થશે ઇન્સાફ— ,,

## ( ૫૦ ) નહિ જોઇએ.

નહિ જોઇએ, નહિ જોઇએ, સરકાર જુલમી નહિ જોઇએ
રૈયતને સૌ લુંટી લીધી, ભૂખમરામાં દાટી દીધી,
એવી આ સરકાર પાપી નહિ જોઇએ— નહિ૦
હથિયારો ઝુંટાવી લીધાં, મ્હોડાં સૌનાં શીવી લીધાં
દેતી એવી માર પાપી નહિ જોઇએ— નહિ૦
ગોળીનો વરસાદ ચલાવે, લાઠીથી માથાં ભંગાવે
કાઢો દરિયા પાર પાપી નહિ જોઇએ— નહિ૦

અન્યાયી લાંઘા કરવેરા, સીતમના ન ખાવા ડેરા
ઘર ઘર લાગી લાય, પાપી નહિ જોઇએ— નહિ૦
આવી ત્યાંથી પાછી કાઢો, હિસાબ લેણો પાછો માગો
હાંકી કાઢો સરકાર પાપી નહિ જોઇએ —નહિ૦
હવે વધુ નહિ સાંખી રહેશું જુલ્મોને દફનાવી દેશું
ફના ફના સરકાર પાપી નહિ જોઇએ— નહિ૦

---

## ( ૫૨ ) તકલી નથી પણ તીર છે

તકલી નથી પણ તીર છે, છાતી વીંધે સરકારની
તકલી તણા એ તીરમાં બાજી ફના સરકારની
નાજુક છે દેખાવમાં પણ ઘાવકારી તે કરે
તકલી તણા ચક્કર મહીં પરદેશની મીલો પડે
ધાર તકલીની તીખી સરકારને થથરાવતી
પરદેશની પાપી મીલોને ધાકથી ધ્રુજાવતી
બારીક જાડું શુદ્ધ સુતર પ્રેમથી પેદા કરે
કંગાલ ભારત વાસીઓનાં પેટની રોજી ભરે
નવરાશમાં ગમ્મત અને વળી મૌન સંગીત આપતી
આત્મસંયમ–એકાગ્રતાના, સદ્‌ગુણોને લાવતી.
શાંત ને મીઠી ભલી વળી હસ્તને શોભાવતી
આઝાદ ભારત વર્ષની પ્રિય આબરૂ ઓપાવતી
અહિંસા તણું હથિયાર તકલી ઐકયતા ઉપજાવતી
પરદેશની સરકારના એ હાડ પણ ખખડાવતી

---

## ( ૫૨ ) સ્વરાજ લેશું, લેશું

( શિર જાવે તો જાવે—એ રાગ )

હે શૂરવીર સૈનિકો ! માથાના મોહ ઉતારો,
હે યુદ્ધ ચઢેલા વીરો ! પરદેશી જુલ્મ ફિટાડો—
યે જુલ્મઘંટીને ફોડી, અબ નામનિશાન મિટાદો,
યે કાળસમી ગુલામી, અબ મિટ્ટિમેં હિ મિલા દો,
સહુ ચલો જંગમાં આજે, શત્રુનાં હાડ ધ્રુજાવો
સહુ ચલો સામટા સાથે, હાંજા એના ગગડાવો—
સહુ ચલો મર્દ મયદાને, માડીની કુખ દીપાવો,
યે જંગ આખરી જીતી, માતાની લાજ વધારો—
હે મરવું બ્હીવું કેવું ? રે લડતાં રોવું કેવું ?
હે મર્દ હોવ તે માગો, યે શૂળી પથારી સૂવું—
હમ માર ઉભા ખાનારા, ગોળીથી નહિ ડરનારા
હમ કભી ન હટને વાલા, હમ જાન ધરી દેનારા—
હમ ટુકડે ટુકડે થાશું, હમ ખૂન નિચોવી દેશું
હમ ફના ફના થઇ જાશું, પણ સ્વરાજ લેશું, લેશું.

---

## ( ૫૩ ) પ્રતિજ્ઞા

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય. અમે૦
ભલે વરસે વરસાદ મહા જૂલ્મનો રે.
ભલે થવાનુ હોય તે થાય. અમે૦
અમે ગુજરાતનું નામ નહિ બોળશું રે,
ભલે માથુંને ધડ જુદાં થાય અમે૦

અમે કીધાં કેસરીઆં પ્રેમથી રે,
ભારતની રાખવા લાજ    અમે૦

## ( ૫૪ ) ઇન્કિલાબ ઝિંદાબાદ !

ઇન્કિલાબ ઝિંદાબાદ !    ઇન્કિલાબ ઝિંદાબાદ !
ભારતભરમાં ગાજે નાદ ,, પાપીનો ડગમગશે તાજ ,,
ઘેરેઘેરે ગાજે નાદ ,, જુલ્મીનું રોળાશે રાજ ,,
હૈયે હૈયે ગાજે નાદ ,, પાપીનો પૂછાશે ન્યાય ,,
ખેડુતોનો આંતર નાદ ,, અન્યાયી સૌ થાશે સાફ ,,
દુઃખિયાંના દુઃખોનો નાદ ,, શત્રુદળ થાશે ભંગાણ ,,
પીડિતોનો પાવક નાદ ,, સ્વરાજનાં થાશે મંડાણ ,,
ગરીબડાંનો ગૌરવ નાદ ,, બોલો સૌએ બોલો આજ ,,
ભૂખમરાનો ભીષણ નાદ ,, નોકરશાહી હો બરબાદ ,,
ભડવીરોનો ભૈરવ નાદ ,,

## ( ૫૫ ) નહિ નમશે નિશાન

નહિ નમશે નહિ નમશે, નિશાન ! ભૂમિ ભારતનું.
ભારતની એ ધર્મ ધ્વજાનું (૨)
સાચવશું સન્માન ! ભૂમિ ભારતનું    નહિ નમશે૦
ઐક્ય તણો એ અમરપટો છે (૨)
મુક્તિનું વરદાન ભૂમિ ભારતનું    નહિ નમશે૦
ભારત માતાના મંદિર પર એ. (૨)
શાંતિનું એંધાણ !–ભૂમિ ભારતનું    નહિ નમશે૦

ચક્ર સુદર્શન અંકિત એ તો, (૨)
હિન્દી જનના પ્રાણ !–ભૂમિ ભારતનું; નહિ નમશે૦
સફેદ લીલું લાલ ત્રિરંગી (૨)
વિરોધનું સંધાણ !–ભૂમિ ભારતનું. નહિ નમશે૦
સફેદમાં સહુ ધર્મે ધાર્યું (૨)
ઇશ્વરનું ફરમાન !–ભૂમિ ભારતનું. નહિ નમશે૦
લીલામાં ઇસ્લામી ધર્મે (૨)
રાખ્યું પાક કુરાન–ભૂમિ ભારતનું નહિ નમશે૦
લાલ સનાતન આર્ય પ્રજાનું (૨)
મંગળ મૂર્તિમાન–ભૂમિ ભારતનું. નહિ નમશે૦
અચળ અમારે આંગણ એ તો (૨)
સ્વરાજ્યનું મંડાણ–ભૂમિ ભારતનું, નહિ નમશે૦
સાચા હિન્દી શુરાઓનું (૨)
એ છે વિજય સુકાન–ભૂમિ ભારતનું. નહિ નમશે૦

---

## ( ૫૬ ) અંગ ધરો

શુદ્ધ ખાદી હવે સૌ અંગે ધરો,
પાપી વસ્ત્ર વિદેશીનો ત્યાગ કરો.
યુદ્ધ જામ્યા દેશમાં દાનવ અને દેવો તણા,
સત્ય બેલી સ્હાય થાશે પાપીઓ થાશે ફના,
દેશ દાઝ ધરી કુરબાની કરો, શુદ્ધ૦
જેલ ગયા ગોવાળ ગાંધી વળી દેશ નેતાઓ ગયા,
દેશ પ્રેમી દેશ કાજે આહુતિઓ આપી રહ્યા,
સંદેશ કહ્યા તેના હવે અમલ કરો. શુદ્ધ૦

જલીયાનવાલા બાગના જુલ્મો હજુ ના વીસર્યાં
ગોળીબાર પેશાવર મહીં કંઇકના પ્રાણો હર્યાં;
થયા શહીદ વીરો તેને યાદ કરો. શુદ્ધ૦

ધરાસણાની ધાડમાં શાન્તિ થકી જુલ્મો સહ્યા
લાઠી તણા એ મારથી સૈનિક બહુ જખમી થયા
આ જુલ્મીઓના જુલ્મો યાદ કરો શુધ્ધ૦

બેશુધ્ધ કર્યા બહુ માર મારી ઘોડા દોડાવ્યા ઉપરે,
સાચા શુરા સૈનિક પરે ત્રાસ વર્તાવ્યા ખરે;
ત્રાસ ત્રાસ વર્તાવ્યો યાદ કરો. શુધ્ધ૦

ધોલેરા મહી સૈનિક બહુ ખારાઘોડે ઘાયલ થયા
આ સબરસ તણા સંગ્રામમાં લોહી લોહાણો બહુ થયા;
માર ખાએ સૈનિકો બહુ યાદ કરો શુધ્ધ૦

વીરમગામમાં ઘોડા ચલાવ્યા નિર્દોષ અબળાઓ પરે,
લાઠી તણા મારો વળી કેર વર્તાવ્યો ખરે;
થઇ ઘાયલ બ્હેનો બહુ યાદ કરો. શુધ્ધ૦

લાઠી તણો મારો ચલાવે બોમ્બગોળા ગોળીઓ,
સ્વતંત્ર કરવા દેશને જેલો ભરી દ્યો હિંદીઓ.
ગાંધી આજ્ઞા પ્રેમે સૌ શીર ધરો શુદ્ધ૦

જુલ્મો ઠેર ઠેર હિંદમાં સરકાર આજે આદરે,
છતાં હિંદીઓ ડરશો નહીં ભલે થાય તે જુલ્મી કરે.
કહે મ્હેતા કહેવું મારૂં કાન ધરો. શુધ્ધ૦

## ( ૫૭ ) રણહાક

હાક પડી વીર નર જાગજોરે, બની બહાદુર આ વાર (૨)
રણનાં રણશીંગડાં વાગીઆં. ટેક૦
સાબરમતીથી સૈન્ય નિસર્યુંરે, બન્યા ગાંધી સરદાર (૨)
ગામડાં જગાવતા ચાલીઆ, દાંડી મીઠાને કાજ—રણનાં.
સંગ્રામ રંગ બધે જામીઆરે, ભલી ભારત મોઝાર (૨)
દશે દિશાઓ ડગમગી સમજો સાનમાં આ સાર(૨)-રણનાં.
મારો નહિ મરતાં શીખોરે, એવો ગાંધીજીનો મંત્ર (૨)
મંદિર ગણો તમે જેલને, તમે થાશો સ્વતંત્ર(૨) રણનાં.
જુએ છે વીર બધા જંગમાંરે, ધરી અહિંસાની ઢાલ(૨)
જેલમાં જતાં જે ડરે નહિ, સુખે દેતાં જાનમાલ(૨) રણનાં.
સતના સંગ્રામ જાગીઆરે, સૌ આવો નરનાર (૨)
સેતાનોથી દૂર ભાગજોરે, તજો ભુંડી સરકાર (૨)—રણનાં
દેશના બંધુ જાગજોરે, તજી આળસ તમામ, (૨)
આવો અવસર નહિ આવશે; રાખો ભારતનું નામ(૨) રણનાં

---

## ( ૫૮ ) કુંવર ક્યાં જશો રે ?

( આવી રૂડી આંબલિયાની ડાળ મેલીને કોયલ ક્યાં ગયાં રે)
આવા રૂડા ઘરડાના ઓથ મેલીને કુંવર ! ક્યાં જશો રે?
આવે આવે વાર ને તહેવાર, ત્યારે તમે ક્યાં હશો રે ?
માડીજાઇ બાળુડી બ્હેન મેલીને કુંવર ! ક્યાં જશોરે ?—
માડી ! પેલાં રણનાં મેદાન, હવે અમે ત્યાં જશું રે.
જીવીશું તો આવશું ઘેર, ભુંડા સુખ નહિ થશું રે,
ફેડાશે જ્યાં દુઃખિયાંનાં દુઃખ, હવે અમે ત્યાં જશું રે—

આવાં રૂડાં ઘરડાનાં સુખ, બીજે તને ક્યાં મળે રે ?
રોતી મેલીને એકલવાઇ માત મેલીને—
માડી ! કાળો જુલમીનો કેર હવે જોઇ શે રહું રે ?
જોવાં જોવાં દુઃખડાંમાં સુખ હવે૦—
આવી રૂડી મેડીને મ્હોલાત બીજે તને ક્યાં મળે રે ?
રોતો મેલીને નાનુડો વીર મેલીને૦—
માડી ! રૂડા વનના વિરામ મારે મેડી મ્હોલ્લ છે રે,
નીચે ધરતી ઉપર માથે આભ હવે૦—
આવાં રૂડાં મમતા ને માન બીજે તને ક્યાં મળે રે ?
સૂનો સાચા સંબંધીનો સાથ મેલીને૦—
માડી ! મારા હૈયામાં હામ દુઃખે દીનાનાથ છે રે,
જ્યાં જ્યાં દોરી જાશે મારો રામ હવે૦—
આવા રૂડા માતાને ઉછરંગ, પાછા ક્યારે એસશો રે ?
મોંઘા મીઠા ઘરડાનાં હેત મેલીને૦—
માડી ! મારી જાણું ન કાંઇ ક્યારે ઘેરે આવશું રે,
જાણું છું કે દુઃખને ઉછરંગ હવે અમે પોઢશું રે.

---

( ૫૮ )

**નહિ હઠશે, નહિ હઠશે,** બહાદૂરો પાછા નહિ હઠશે.
લડશે લડશે સમરાંગણમાં, છોને ફના થવાય—પાછા૦
કુરબાની કરતાં નહિ થાકે, ઘૂમે રણમેદાન—પાછા૦
જુલમઘંટીમાં છોને પીલે, શેતાની સરકાર—પાછા૦
જુલ્મોથી રોળાયાં જંગમાં,, લાખો જુલ્મી રાજ—પાછા
રણે ચડેલા સત્યાગ્રહીઓ, નમાવશે સરકાર—પાછા૦

## ( ૬૦ ) ઝંડા ઉંચા રહે

વિજયી વિશ્વ તિરંગા પ્યારા ઝંડા ઉંચા રહે હમારા
સદા શકિત વર્ષાનેવાલા શાન્તિ સુધા શરસાને વાલા
વિરોંકો હસાને વાલા માતૃભૂમિકા તનમન સારા ઝંડા૦

સ્વતંત્રતા કે ભીષણ રણમેં લખ કર જોષ બઢે ક્ષણક્ષણમેં
કાંપે શત્રુ દેખકર મનમેં મીટ જાવે ભય સંકટ સારા
ઝંડા ઉંચા રહે હમારા૦

આવો વીરો સબ મીલ ગાઓ
દેશધર્મ પર બલી બલી જાઓ
એક સાથ સબ મીલકર ગાઓ પ્યારા ભારત દેશ હમારા
ઝંડા ઉંચા રહે હમારા૦

ઇશકી શાન ન જાને પાવે ચાહે જાન ભલે હી જાવે
વિશ્વ વિજય કરકે દીખલાવેં તબ હોવે પણ પૂર્ણ હમારા
ઝંડા ઉંચા રપે હમારા૦

ઇસ ઝંડે કે નીચે નિર્ભય લે સ્વરાજ યહ અવિચળ નિશ્ચય
બોલો ભારત માતાકી જય પૂર્ણ સ્વાધીનતા હૈ ધ્યેય હમારા
ઝંડા ઉંચા રહે હમારા૦

## ( ૬૧ ) ધરતી માગે છે ભોગ

પોરો રે આવ્યો સંતો પાપનો ધરતી માગે છે ભોગ !
ઉંડીરે નીંદરામાં અમે સાંભળ્યું ધરતી માગે છે ભોગ !
સુતાંરે સ્વપ્નામાં અમે સાંભળ્યું ધરતી માગે છે ભોગ !
પડઘા પડયા રે ખંડેખંડમાં ધન ધન વાયા રે પવન,

માઝમ રાત્યુંનો મારો સાયબો
આઘે વીંઝે ગાઢાં વન— ઉંડી રે૦
નીંદરાનાં ઘેરાણાં તમે જાગજો !'
ગરજ્યો સાહેબનો સવાલ,
ટકોરા દીધા રે બીડેલ બારમાં,
આવિયો કુડિયાંનો કાળ—ઉંડી રે૦
પ્યાલારે ઘુંટયા મેં અમરત—પાનના
આવજો પીવા પ્રેમવાન !
'ઘુરે રે લાલપ—ઘેરી આંખડી,
મરવા બનો મસ્તાન— ઉંડી રે૦
દુબળાં રે'વું છે દિવસ કેટલા !
કેટલા દિન રે ઘુજાટ !
'મરેલા જીવવું છે જીવડા કયાં લગી,
હાલવું હીનતાની વાટ— ઉંડી રે૦
ઉંચા ને નીચાં કે ધનવંત નિરધના,
ભાઇ ! એ તો કૂડના રે ભેદ !
'ભેદની ભીંત્યુંને આજ મારે ભાંગવી;
મનડાની આમરી ઉમેદ—ઉંડી રે૦
ગાફિલ થઇને ઓઢયાં ગોદડાં;
ઘર ! ઘર ! ઘોર્યાં સોરી રેન,
જાગંતાં દીઠા રે નેજા ફટકતા,
ઉતર્યા મતલબનાં ઘેન— ઉંડી રે૦
પોરોરે આવ્યો સંતો પાપનો;
ધરતી માગે છે ભોગ !

## ( ૬૨ ) આવડો કશાલો.

આવડો કશાલો તારી અંગરેજીમાં દીઠો—
ભારા વેચી કણબીએ મુંધા વેરા ભરીઆ
બંધિયા વિયાજડીઆમાં ડુલ્યા રે અંગ્રેજી સરકાર,
આવડો કશાલો૦
સાંતી વેચી કણબીએ મુંધા વેરા ભરીઆ
ગોધા વિયાજડીઆમાં ડુલ્યા૦
હથિયાર વેચી રજપૂતે મુંધા વેરા ભરીઆ
ચપરાસ વિયાજડિયામાં ડૂલી રે૦—
ચોપડા વેચીને વાણીએ મુંધા વેરા ભરીઆ
લેખણ વિયાજડિયામાં ડૂલી રે૦—
લોટ વેચીને બામણે મુંધા વેરા ભરીઆ
તાંબડી વિયાજડીઆમાં ડૂલી રે૦—
દાતણ વેચી વાઘરીએ મુંધા વેરા ભરીઆં
દાતરડુ વિયાજડીઆમાં ડૂલ્યું રે૦—
હજામત્યું કરીને ધાંયજે મુંધા વેરા ભરીઆ
સજાયા વિયાજડીઆમાં ડુલ્યા રે૦—
નીભા વેચી કુંભારે મુંધા વેરા ભરીઆ
બંપાળી વિયાજડીઆમાં ડૂલી રે૦
આવળ કુટીને ઢેઢે મુંધા વેરા ભરીઆ
શાળો વિયાજડીઆમાં ડૂલી રે૦—

## ( ૬૩ ) સિપાહી પૂર્ણ સ્વરાજના

અમે સિપાહી પૂર્ણ સ્વરાજ્યના રે,

જાત હોમીને લેશું સ્વરાજ્ય— અમે૦
નથી પરવા ધંધાની આ સમે રે,
ધૂન લાગી છે લેવા સ્વરાજ્ય— અમે૦
નથી ચિંતા કુટુંબની આ સમે રે,
ચિત્ત ચોંટયું છે લેવા સ્વરાજ્ય— અમે૦
નથી પરવા ઝરૂખા મહેલની રે,
મરી ફીટીને લેવું સ્વરાજ— અમે૦
નથી પરવા જાલિમના જુલ્મની રે,
મોત ભેટીશું લેવા સ્વરાજ્ય— અમે૦
આજ મસ્તી છે પૂર્ણ સ્વરાજની રે,
માત ભારતનો જયજયકાર— અમે૦

( ૬૪ )

જંગ માંડયો મહાત્મા ગાંધીએ રે,
હાથ કરવાને પૂર્ણ સ્વરાજ.
એણે હાકલ પાડી છે દેશમાં રે,
થજો હિંદી શૂરા તૈયાર.
**હિંદમાતાની** બેડીઓ તોડવા રે,
કરો વ્હાલી કાયા કુરબાન.
તોપ બંદૂકને તાબે કરે રે,
અહિંસાનુ રૂડું હથિયાર,
જિંદગાની ગુલામની ધુળ છે રે,
મરી જાણો સ્વતંત્રતા કાજ,
આ દાણાનો જંગ છે આખરી રે,
ફના થાવું કે લેવું સ્વરાજ.

ભલે છૂટે જાલીમની ગોળીઓ રે,
ભલે મારે હજારો લાખ.
ભલે સામગ્રી રાક્ષસી સામટી રે,
વાપરી લે બ્રિટિશ સરકાર.

## ( ૬૫ ) દેશ દાઝો

દેશ દાઝો દેશ વીરો ( ૨ )
દેશ પરતંત્રે જડાઇ ગયો છે ( ૨ )
ગુલામ બેડી લાદેલી છે ( ૨ )
તોડી નાખો ને આજે જુવાનો ( ૨ )
જુવાન આજે લોહી છાંટો ( ૨ )
છાંટયા વિના મુક્તિ કદી ના ભાળો ( ૨ )
યા હોમ કરીને આજેજ જાગો ( ૨ )
આજે ને આજે બેડીને ત્યાગો ( ૨ )
મોતની ગણના કદી ના ગણશો ( ૨ )
મોતે માતાની આઝાદી ગણશો ( ૨ )

---

## ( ૬૬ ) ચાલો

યુવાનો ઓ હિંદના સૈનિક બનીને ચાલો ( ૨ )
યુવતીઓ ઓ હિંદની કેસરીયાં કરવા હાલો ( ૨ )
ધરાસણાના લાઠીમારો, પેશાવરના ગોળીબારો
મુંબઇનું લાઠીરાજ સાંભળીને ચાલો યુવાનો૦
પેશાવરના ચોકની અંદર ગોળી ચલાવી ઠંડે પેટે
હત્યારો અંગ્રેજ આજે લોહી પીવા આવ્યો–યુવાનો૦
ધોળે દહાડે ધાડ પડાવે ઓરત ઉપર હાથ ઉઠાવે
લુંટારો અંગ્રેજ આજે ખૂન પીવા આવ્યો–યુવાનો૦

## ( ૬૭ ) ડંકો

ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે
શૂરા જાગજો રે કાયર ભાગજો રે— ડંકો

ડંકો વાગ્યો ભારતની બ્હેનો જાગજો રે
બ્હેનો જાગજો રે, વિદેશી ત્યાગજો રે— ડંકો૦

કાઢી નાખો વિદેશી વસ્ત્રો આજથી રે
આજથી રે, ખરા ત્યાગથી રે,— કાઢી૦

પહેરો દેશી કાપડ ને બાળો વિલાયતી રે
બાળો વિલાયતી રે ( ૨ )— પહેરો૦

લાવો પરદેશી કાપડમાં મેલો દીવાસળી રે
મેલો દીવાસળી રે ( ૨ )— લાવો૦

બ્હેનો ! પરદેશી કાપડમાં પૂળા મેલજો રે
પૂળા મેલજો રે ( ૨ ) બ્હેનો૦

માથું મેલો સાચવવા સાચી ટેકને રે
સાચી ટેકને રે, ( ૨ )— માથું૦

તોડી પાડો સરકારી જુલ્મી કાયદા રે
જુલ્મી કાયદા રે ( ૨ ) તોડી૦

ભારત મુક્તિને કાજે માથા હોમજો રે
માથા હોમજો રે માથા હોમજો રે ભારત૦

સત્યાગ્રહીઓ માતાનું દૂધ દીપાવજો રે,
દૂધ દીપાવજો રે ( ૨ ) સત્યા૦

# ધૂન

વાગ્યો વાગ્યો ડંકો ને દીલ્હી ધમધમી રે
દીલ્હિ ધમધમીરે ( ૨ ) વાગ્યો૦

વીરા કેસરીયાં કરવાને હાલો પ્રેમથી રે
હાલો પ્રેમથી રે, પૂરા પ્રેમથી રે વીરા૦

હાલો કેસરિયા જુવાનો ગામેગામથી રે
ગામેગામથી રે ઘેરેઘેરથી રે હાલો૦

બ્હેનો હાલો વીરાને જાશું વારણે રે
જાશું વારણે રે જેલને બારણે રે હાલો૦

પૂળો મેલો સરકારી પાપી નોકરી રે
પાપી નોકરી રે ( ૨ ) પૂળો૦

ફૂટી જાશે પાપીનો ઘડો પાપનો રે
ઘડો પાપનો રે ( ૨ ) ફૂટી૦

પેલા સરકારી નોકરો ઝેરી જીવડા રે
ઝેરી જીવડા રે ( ૨ ) પેલા૦

બાંધો સરકારી જુલમની આજે ઠાઠડી રે
બાંધો ઠાઠડી રે ( ૨ ) બાંધો

ફોડી નાખો દારૂ તાડીના બાટલા રે
ફોડો બાટલા રે ( ૨ ) ફોડી૦

ફફળે સરકારી કબુતરખાનામાં ચિડિયાં રે
ફફળે ચિડિયાં રે ( ૨ ) ફફળે૦

ટાઇટલ પેજ:

મરના, મરના, મત મારના.
લડના, લડના, મત ભાગના.

## અંતીમ.

મારા શરીરપર જો ગમે તો, ગોળીઓ વરસાવજો
રે ! જો ગમે તો જીવતો ભોંમાં મને ભંડારજો—
ભૂખે મરૂં, દુઃખે મરૂં, છોને ઝુરી ઝુરી મરૂં,
પણ દીલમાં જ્વાળા જલી તે કોઇ દી'ન બુઝાય જો
લાઠી પડો, જડબાં તૂટો, માથું કુટો કે સર કટો,
પણ જુલ્મને તાબે થવાનું સ્વપ્નમાંય ન સૂઝજો—
લાઠી પડે તો સર ધરૂં, છુરી પરે છાતી ધરૂં,
રે ! જો ગમે તો તોપને ગોળે મને ઉડાવજો
હાથી તણા પગથી છુંદાઉં, કુતરા તણા મોતે મરૂં,
પણ દેશના દ્રોહી થવાનો, ખ્યાલ પણ નહિ આવજો-
ભઠ્ઠી વિષે હોમો ગમે તો, (કે) ઘાણીએ પીલાવજો,
પણ ધ્યેય પૂર્ણ સ્વરાજનું ઓ તાત! સિદ્ધ કરાવજો

---

મોડાસામાં દેસાઇવાડાના મહેલ્લામાં આવેલા ધી "લક્ષ્મી-
વિજય પ્રિ. પ્રેસ"માં વલ્લભદાસ ભોગીલાલ
શેઠે પ્રકાશક માટે છાપી.